**ચોરી કરવા માટે તસ્કરોએ સ્પ્રેનો ઉપયોગ કર્યો હોવાની પરિવારને શંકા**

# ભરૂચમાં તસ્કરો બન્યા બેફામ

**ભરૂચમાં** એક જ રાત્રે ચોરીની બે ઘટના બની

ભરૂચ : ભરૂચ નગરમાં એક જ રાત્રે એ-ડિવિઝન અને બી-ડિવિઝન પોલીસ હદમાં આવેલા બે મકાનોમાં તસ્કરોએ ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો છે. તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિતનો મુદ્દામાલ ચોરી ગયા છે. આ ઘટનાઓથી સ્થાનિકોમાં ચિંતા અને રોષની લાગણી જોવા મળી રહી છે.

પોલીસે બંને ચોરીની ઘટનાઓની તપાસ શરૂ કરી છે. CCTV ફૂટેજ તપાસાઈ રહ્યા છે અને શકમંદોની પૂછપરછ ચાલી રહી છે. તસ્કરોને પકડવા માટે પોલીસે કાર્યવાહી તેજ કરી છે.



- **મોપેડની ચોરી (૨૯ સપ્ટેમ્બર-૨૦૨૬):** ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલી ભજ્જુવાલા સોસાયટીમાંથી મોડી રાત્રે એક મોપેડની ચોરી થઈ હતી, જેના દ્રશ્યો CCTV કેમેરામાં કેદ થયા છે.
- **કંપનીમાં ચોરી (૨૫ સપ્ટેમ્બર-૨૦૨૬):** પાલેજ ગામ પાસે નેશનલ હાઈવે-૪૮ પર આવેલી સ્ટીલકો ગુજરાત લિમિટેડ કંપનીમાંથી રૂ. ૨.૫૫ લાખની ચોરી થવાની ઘટના નોંધાઈ હતી.
- **ઘરઘાટી મહિલા દ્વારા ચોરી (ઓગસ્ટ-૨૦૨૬):** સમર્પણ સોસાયટીમાં પરિવારની ગેરહાજરીમાં લોકરમાંથી રૂ. ૨ લાખ રોકડા ચોરી કરનાર ઘરઘાટી મહિલાની ભરૂચ સિટી બી-ડિવિઝન પોલીસે ધરપકડ કરી પૂરેપૂરી રકમ રિકવર કરી હતી

**આ સ્થળોએ ચોરી થઇ**

**1 વેજલપુર કુંભારિયા ઢોળાવ**

બી-ડિવિઝન હેઠળના વેજલપુર કુંભારીયા ઢોળાવમાં મોહમ્મદ અમીનભાઈના મકાનમાં ચોરી થઈ છે. પરિવાર હાજર હોવા છતાં તસ્કરો ચોરી કરીને ભાગી ગયા હતા. પરિવારે સ્પ્રે કે કેફી દ્રવ્યના ઉપયોગની આશંકા વ્યક્ત કરી છે. તેમના ઘરમાંથી 22-23 તોલા ચાંદી, સાઉદી રિયાલ, જૂની નોટો, અડધા તોલાની સોનાની એરિંગ અને બંગડી ચોરાઈ હોવાનું જાણવા મળે છે.

**2 સોનેરી મહેલ, મલેકવાડ**

એ-ડિવિઝન હેઠળના સોનેરી મહેલ, મલેકવાડમાં બની છે. ઇમરાનભાઈ પરિવાર સાથે બહાર ગયા હતા ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. પરત ફરતા તેમની દીકરીની સોનાની બુટ્ટી અને 10 હજાર રૂપિયા રોકડા ચોરાયા હોવાનું જાણવા મળે છે.

## પાનોલી GIDCની ફીનોર કેમ્પ કંપનીના ETP પ્લાન્ટમાં આગ

અંકલેશ્વરઃ પાનોલી GIDCની ફીનોર કેમ્પ કંપનીના ETP પ્લાન્ટમાં આગ લાગી હતી. અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી ફીનોરકેમ્પ લિમિટેડ કંપનીમાં શુક્રવારે ETP પ્લાન્ટમાં આવેલા ઓઈલ સેપરેટરમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. કંપનીના ETP પ્લાન્ટમાં આવેલા ઓઈલ સેપરેટરમાં આગ લાગતાં કંપનીની સેફ્ટી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આગની જાણ પાનોલી નોટિફાઈડ ફાયર વિભાગને કરવામાં આવતાં ફાયર ફાઈટરો પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર ટીમની સમયસરની કામગીરીના પગલે આગને વધુ પ્રસરતી અટકાવી લેવામાં આવી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડના દેગામા ગામે જર્જરિત બસ સ્ટેન્ડનો નવો શેડ બનાવવાની માંગ



વાલોડઃ વાલોડના દેગામા ગામે જર્જરિત બસ સ્ટેન્ડનો નવો શેડ બનાવવાની માંગ સાથે સ્થાનિકોએ સરપંચ અને તલાટીને લેખિત ફરિયાદ કરી છે. પ્રાપ્ત વિગત મુજબ વાલોડના દેગામા ગામે કોંકણવાડ નવા ફળિયામાં આવેલો બસ સ્ટેન્ડનો શેડ હાલ જર્જરિત અને જોખમી હાલતમાં છે. આ બસ સ્ટેન્ડનો ઉપયોગ ગામના વિદ્યાર્થીઓ, રાહદારીઓ તથા સ્થાનિક લોકો દ્વારા નિયમિતપણે કરવામાં આવે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ બસની રાહ જોવા માટે આ સ્થળનો ઉપયોગ કરતા હોવાથી આ જર્જરિત શેડનો કોઈ ભાગ તૂટી પડે તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા રહેલી છે. તેમજ ગામના લોકો દ્વારા વિવિધ સામાજિક ધાર્મિક તથા જાહેર પ્રસંગોમા પણ આ જગ્યાનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી સરપંચ અને તલાટી સ્થળનું તાત્કાલિક નિરીક્ષણ કરાવી આ જર્જરિત શેડ અંગે જરૂરી કાર્યવાહી કરી આ શેડને દૂર કરી મજબૂત, સુરક્ષિત અને સુવિધાયુક્ત નવો શેડ બનાવવાની માંગ સાથે સ્થાનિકોએ લેખિત ફરિયાદ કરી છે.

### કીમમાં 9% રિટર્નની લાલચ આપી રૂ.3.53 લાખની છેતરપિંડી

કીમ: કીમ પોલીસ મથકમાં ઓનલાઈન રોકાણના નામે છેતરપિંડી અંગે ગંભીર ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ SD Pay/Apna Pay એપ્લિકેશનના સંચાલકો અને અન્ય આરોપીઓએ સંગઠિત રીતે લોકોને ટૂંકા સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું. ફરિયાદી નવાઝ શેખ (રહે.,કીમ-કુડસદ રોડ, જુમ્મા મસ્જિદ પાસે) એ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓએ SD Pay/Apna Pay એપમાં એકાઉન્ટ ખોલાવી દર મહિને 9 ટકા રિટર્ન/કેશબેક સહિતના આકર્ષક વળતરની લાલચ આપી હતી. શરૂઆતમાં કેટલાક રોકાણકારોને રિટર્ન ચૂકવી વિશ્વાસ ઊભો કર્યા બાદ મોટી રકમનું રોકાણ એકત્ર કરવામાં આવ્યું હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. બાદ એપ્લિકેશનની વિવિધ સેવાઓ બંધ કરી તેનું નામ SD Payમાંથી Apna Pay કરવામાં આવ્યું અને ફરિયાદી દ્વારા રોકાણ કરાયેલી કુલ રૂ.3.53 લાખની રકમ પરત નહીં આપતાં છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે કીમ પોલીસે ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં SD Pay/Apna Payના માલિક ધવલ પટેલ સહિત આશિષભાઈ ગેડિયા, ભાવેશભાઈ ચૌહાણ, શ્યામભાઈ બારૈયા, રમેશભાઈ દેસાઈ, ભૂપતભાઈ દેસાઈ અને અનિલભાઈ ચુડાસમાના નામ તેમજ એપના પ્રમોટરો, ડિરેક્ટરો, સંચાલકો, એજન્ટો અને અન્ય અજાણ્યા સહયોગીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કીમ પોલીસ ઇન્સ્પેક્ટર કે.એ.જાડેજા દ્વારા ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### કઠોર સિવિલ કોર્ટની 16મી સાલગીરીની ઉજવણી


વિશાલ પટેલ

કામરેજ: કઠોર કોર્ટ પરિસરમાં સ્થાપના દિનની ઉજવણી સુરતના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ રાહુલ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. તેમણે ૧૬ વર્ષથી સ્થાપના દિવસ ઉજવતી આ રાજ્યની પ્રથમ કોર્ટ હોવાનું જણાવી બાર-બેન્ચના સુમેળને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ વી.એલ.પરદેશી અને એડિશનલ સિવિલ જજ વત્સ મેડમે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કઠોર વકીલમંડળના પ્રમુખ દિનેશ પરમારે સ્વાગત કર્યું હતું. સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ ઉદય પટેલ, શહેર વકીલમંડળના પ્રમુખ નીલકંઠ બારોટ અને પલસાણા વકીલમંડળના પ્રમુખ યોગેશ પટેલે પણ હાજરી આપી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન હરેશ નાકરાણીએ તથા આભારવિધિ જીગ્નેશ ટેલરે કરી હતી.

### સણધરા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના સણધરા વન પ્રવાસન કેન્દ્ર ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે બણભા ઇકો-ટુરિઝમ સ્થળ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. અભિયાન અંતર્ગત ઇકો-ટુરિઝમ સ્થળ તથા આસપાસના વિસ્તારમાં સાફસફાઈ હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં ઇકો-ટુરિઝમ સમિતિના સભ્યો, સ્થાનિક ગ્રામજનો તેમજ વાંકલ વન વિભાગના આર.એફ.ઓ. જબ્બર ખોખર તેમજ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્થળ પર વિખરાયેલો કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

### બોરભાઠા ગામે માતાજી સુપર સ્ટોરના મેંદામાંથી ઈયળ નીકળી

અંકલેશ્વર: અંકલેશ્વરના બોરભાઠા સ્થિત બ્રિજ પાસે આવેલી 'માતાજી સુપર માર્કેટ' નામની દુકાન ફરી એકવાર મોટી બેદરકારીને કારણે વિવાદના વંટોળમાં સપડાઈ છે. દુકાનમાંથી ખરીદવામાં આવતી ખાદ્ય સામગ્રીમાં વારંવાર જીવડા અને ઈયળો મળતા હોવાના ગંભીર આક્ષેપોથી સ્થાનિક ગ્રાહકોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. અગાઉ પણ આ જ દુકાનમાંથી ખરીદવામાં આવેલી મગની દાળમાંથી ઈયળ નીકળ્યાની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રાહકના જણાવ્યા મુજબ જ્યારે તેઓ મેંદામાં ઈયળ હોવાની ફરિયાદ લઈ દુકાને પહોંચ્યા ત્યારે શરૂઆતમાં દુકાનદાર પોતાની ભૂલ કે ખામી સ્વીકારવા તૈયાર નહોતા. બાદ ગ્રાહકે દુકાનદાર સામે જ મેંદાના લોટની બોરીમાંથી લોટ કાઢી ચાળવાની ચેલેન્જ આપી હતી. દુકાનદારની નજર સામે જ લોટ ચાળતાં તેમાંથી ઈયળ નીકળી આવી હતી. પોતાની પોલ ખૂલતાં આખરે દુકાનદારે આ બાબત સ્વીકારવી પડી હતી.

# બગુમરામાં ચપ્પુના ઘા ઝીંકી લૂંટ ચલાવનારા ૭ આરોપી ઝડપાયા


ઈલ્યાસ શેખ

**વાડીમાં** મજૂરી કરતા ભાઈઓ મહેશ અને કિશન બજારમાંથી સામાન લઈ પાછા ફરતા હતા ત્યારે હુમલો કર્યો હતો

**દસ્તાનથી** જોળવા જતી નહેર પરથી મુખ્ય સૂત્રધાર સહિત ૭ આરોપીને દબોચી લેવાયા

પલસાણાઃ પલસાણાના બગુમરા ગામની સીમમાં ચપ્પુ બતાવીને બે ભાઈને આંતરીને થયેલી લૂંટનો સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પલસાણા પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે સાત આરોપીને ઝડપી પાડી તેમની પાસેથી ૨૭,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ગત તા.૩૦ સપ્ટેમ્બરે સાંજે સાડા સાત વાગ્યાના સુમારે બગુમરામાં વાડીમાં રહી ખેતમજૂરી કરતા મહેશભાઈ અને તેમના મોટા ભાઈ કિશનભાઈ સુરેલા બજારમાંથી કરિયાણું અને દૂધ લઈને ઘરે જઈ રહ્યા હતા. આ સમયે રસ્તામાં અંધારાનો લાભ લઈ સામેથી આવેલા અજાણ્યા શખ્સોએ તેમને ગાળો આપીને રોક્યા હતા. લુંટારુઓ પૈકી બે ઈસમે મહેશભાઈને પકડીને તેમની પાસેથી રૂ.૮૫૦૦નો મોબાઈલ અને અન્ય બે ઈસમે કિશનભાઈના ખિસ્સામાંથી રૂ.૧૫૦૦ રોકડા કાઢી લીધા હતા. કિશનભાઈએ આ લૂંટનો પ્રતિકાર કરતા એક હુમલાખોરે તેમના જમણા થાપાના ભાગે ચપ્પુનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બાદ બૂમાબૂમ થતાં હુમલાખોરો ભાગી છૂટ્યા હતા અને ઈજાગ્રસ્ત કિશનભાઈને તાત્કાલિક સારવાર માટે બગુમરાની હરિ હરેશ્વર ક્લિનિકમાં લઈ જવામાં આવ્યા હતા. આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં લૂંટનો ગુનો નોંધાતાં પોલીસની અલગ-અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન બાતમીના આધારે પોલીસે દસ્તાનથી જોળવા જતી નહેર ઉપરથી લૂંટને અંજામ આપનાર મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૭ આરોપીને ઝડપી પાડ્યા છે. આરોપીઓની ઝડતી દરમિયાન લૂંટમાં ગયેલો મોબાઈલ અને રોકડા રૂ.૧૫૦૦, અન્ય ૩ મોબાઈલ તેમજ ગુનામાં વાપરેલા ૩ ચપ્પુ મળી કુલ રૂ.૨૭,૩૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.

### આરોપીઓનો અગાઉનો ગુનાહિત ઇતિહાસ

આકાશ ભીમરાવ બહારેરીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ સુરતના સરથાણા, અમરોલી, વરાછા, કતારગામ, અડાજણ, લિંબાયત, રાંદેર, ઉધના, ચોક બજાર, ઉમરા, ડી.સી.બી. (ક્રાઈમ બ્રાન્ચ) અને પલસાણા પોલીસ મથકોમાં લૂંટ, મારામારી, ચોરી અને દારૂબંધી (પ્રોહિબિશન) સહિતના કુલ ૨૭ ગંભીર ગુના નોંધાયેલા છે. ઉપરાંત તેની સામે અમરોલી અને અડાજણ પોલીસ સ્ટેશનમાં અગાઉ બે વખત પાસા હેઠળ પણ કાર્યવાહી થઈ ચૂકી છે. શુભમ શિવકુમાર ગીરી વિરુદ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસ અને ગંભીર મારામારી અંગેનો ૧ ગુનો નોંધાયેલો છે. નિલેશ સીતારામ પાટીલ વિરુદ્ધ પણ વેસુ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસ અને મારામારી સહિતનો ૧ ગુનો નોંધાયેલો છે. અક્ષય રવિન્દ્ર પાટીલ સામે ઉધના અને પાંડેસરા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસ, ગંભીર મારામારી, ધમકી અને જાહેરનામા ભંગના મળી કુલ ૩ ગુના નોંધાઈ ચૂક્યા છે. સત્યમ ઉર્ફે લાલો રાજપૂત સામે ખટોદરા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ મુજબ અને ગોડાદરા પોલીસ મથકમાં મારામારીનો મળી કુલ ૨ ગુના નોંધાયેલા છે.

### પકડાયેલા આરોપીઓ

આકાશ ભીમરાવ બહારે (ઉં.વ.૨૪) (રહે.,શિવ શક્તિ એપાર્ટમેન્ટ, દસ્તાન, મૂળ-મહારાષ્ટ્ર), શુભમ શિવકુમાર ગીરી (ઉં.વ.૨૪) (રહે.,સંતોક પાર્ક, ડિંડોલી, મૂળ-ઉત્તરપ્રદેશ), દેવ મહેશભાઈ રાઠોડ (ઉં.વ.૨૪) (રહે.,ગોપાલનગર, પાંડેસરા), નિલેશ સીતારામ પાટીલ (ઉં.વ.૨૮) (રહે.,ગીતાનગર, બમરોલી રોડ, પાંડેસરા, મૂળ રહે.,મહારાષ્ટ્ર), અક્ષય રવિન્દ્ર પાટીલ (ઉં.વ.૨૪) (રહે.,વિજયનગર, ઉધના, મૂળ-મહારાષ્ટ્ર), સત્યમ અવધેશ રાજપૂત (ઉં.વ.૨૧) (રહે.,કર્મયોગી સોસાયટી, ઉધના, મૂળ-ઉત્તરપ્રદેશ), ચેતન ઉર્ફે ચેનુબાબા પ્રકાશ પાટીલ (ઉં.વ.૨૦) (રહે.,આરાધના ગ્રીનલેન્ડ, જોળવા, મૂળ-મહારાષ્ટ્ર)

# જંગલના અસલ માલિક આદિવાસીઓ છે, જંગલખાતું નથી: શંકરસિંહ વાઘેલા



**સાગબારામાં** પુનઃ વન અધિકાર સત્યાગ્રહની જાહેર સભા

ચિકદા, ભરૂચ, સાગબારાઃ સાગબારાના ખોપી ગામ સહિત 15થી વધુ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ મહાત્મા ગાંધીજીના જન્મદિને પુનઃ વન અધિકાર સત્યાગ્રહની જાહેર સભા યોજી હતી. આ સભામાં પ્રદેશના આગેવાનોએ ગંભીર આક્ષેપમાં જણાવ્યું કે, 'તમે જંગલના માલિક છો, જંગલ ખાતું નહીં. લોકશાહીમાં પોતાના હક્ક અને ન્યાય મેળવી લેવાની હિંમત રાખો.'

છેલ્લા બે મહિનાથી ખોપી ગામ સહિત 15 ગામના ખેડૂતો જંગલ જમીન ખેડવાના મુદ્દે વન વિભાગ સાથે ગજગ્રાહ ચાલી રહ્યો છે. જે મુદ્દે લગભગ 24 દિવસનાં ધરણા અને લીલાબેન વસાવાએ અન્નત્યાગ કર્યો હતો. આ વિવાદ બાબતે બે મંત્રીએ આવીને પારણાં કરાવ્યા બાદ બીજા દિવસે ખેડૂતોને જમીન ખેડતા બેરહેમીથી અટકાવવામાં આવ્યા હતા.

જેથી વિવશ થયેલા ખેડૂતોએ સત્યાગ્રહ કરનારા મહાત્મા ગાંધીના જન્મદિને પુનઃ વન અધિકાર સત્યાગ્રહ માટે ખોપી ગામે જાહેર સભા કરવામાં આવી હતી. આ સભામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિરોધ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરી કરતલ ગામે આવ્યા હતા. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, આખી દુનિયામાં સૌથી વધારે દુઃખી આદિવાસી સમાજ છે. જંગલ સાચવનારા મૂળ તો આદિવાસી સમાજ માલિક છે. આજે આદિવાસી પરિવારને શિક્ષણ, આરોગ્ય સહિત સગવડો મળતી નથી. આદિવાસી સમાજ માણસ છે. તમે જ જંગલના માલિક છો. જેમાં જંગલ ખાતું માલિક નથી.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, આ વિસ્તારમાં લોકોના અધિકાર માટે ચૈતરભાઈ વસાવા લડતા હતા. જે બાબતે સૌને અહેસાસ થયો છે કે એ આદિવાસીનો દીકરો હોવાથી જેલમાં પૂર્યા છે. જ્યાં પણ આદિવાસીઓને અન્યાય થાય ત્યારે અમારી પાર્ટી હંમેશાં તમારી સાથે રહેશે. આજે આદિવાસી સમાજની અસ્મિતાની લડાઈ છે. અમે તમારી સાથે છીએ. આપણી લડાઈ બાદ સરકારે પણ ઝૂકવું પડશે. જે અધિકારીઓ ખેડૂતોને અટકાવતા હશે પણ તેઓ આવીને સનદ આપવા મજબૂર થવું પડશે.

આ સભામાં લોક સંઘર્ષ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રતિભા સિંદે, ધારાસભ્ય અનંત પટેલ, પ્રદેશ મહામંત્રી સંદીપ માંગરોલા, ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાનાં પત્ની વર્ષાબેન વસાવા, શકુંતલાબેન વસાવા, માજી ધારાસભ્ય મહેશ વસાવા, લીલાબેન વસાવા, ડો.દયારામભાઈ વસાવા, દેવેન્દ્રભાઈ વસાવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહીને એક મંચ પર ઊભા રહ્યાં હતાં.

## કુકરમુંડાના રાજપુરમાં યુવક પર પથ્થરથી હુમલો, 5 ટાંકા આવ્યા

કુકરમુંડાઃ કુકરમુંડાના રાજપુર ગામના નિશાળ ફળિયામાં રહેતા અનિલભાઈ જાહગુભાઈ પાડવી (ઉં.વ.૫૨)ને તા.૧ ઓક્ટોબરના રોજ રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે સમાચાર મળ્યા હતા કે માસીના દીકરા હરીશભાઈના પુત્ર જયદીપની તબિયત લથડી છે. આથી જયદીપને તાત્કાલિક સારવાર અર્થે બેજ ગામે આવેલા એક ખાનગી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફરિયાદી અનિલભાઈ તથા હરીશભાઈ પણ બેજ ગામે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. દરમિયાન બેજ ગામે હોસ્પિટલ નજીક આરોપી અલ્પેશભાઈ કરસુભાઈ વળવી (રહે.,રાજપુર) ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે અનિલભાઈ અને હરીશભાઈને જોઈને ઉશ્કેરાઈ જઈ અચાનક ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને હરીશભાઈને મોં પર બે લાફા મારી દીધા હતા. ત્યારબાદ આરોપી રાજપુર ગામમાં ફરી ફરિયાદી સામે આવ્યો હતો અને ત્યાં પણ ગાળો આપી, જમીન પર પડેલો પથ્થર ઉપાડી અનિલભાઈના કપાળ પર મારતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને કપાળ પર પાંચ ટાંકા આવ્યા છે. અનિલભાઈએ કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અલ્પેશ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## પલસાણા ક્લસ્ટર કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું

પલસાણાઃ પલસાણા તાલુકામાં પલસાણા ક્લસ્ટર કક્ષા ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન તા.૧/૧૦/૨૦૨૬ ને ગુરુવારના રોજ મલેકપોર પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં ક્લસ્ટરની તમામ સરકારી શાળાઓ તેમજ કેટલીક ખાનગી શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રદર્શનમાં કુલ ૫ વિભાગોમાં આશરે ૧૮ જેટલી ઈનોવેટિવ અને નવીન કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પર્યાવરણ સંરક્ષણ, જળસંચય, ઊર્જા બચત, સ્વચ્છતા, ટેક્નોલોજી, આરોગ્ય સહિતના વિષયો પર વિવિધ ઉપયોગી કૃતિઓ રજૂ કરી હતી. પ્રદર્શનના અંતે તમામ વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષકો અને શાળાઓને સી.આર.સી. પલસાણા દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર કૃતિઓ તાલુકા કક્ષાએ ભાગ લેશે.

# શેરડીના લેણાં મુદ્દે વ્યારા સુગરના ખેડૂતોના કલેક્ટર કચેરી સામે ધરણા



**બાકી** નાણાં માટે આગામી દિવસોમાં અચોક્કસ મુદત સુધી ધરણાં કરવાની ખેડૂતોની ચીમકી

વ્યારાઃ 2 ઓક્ટોબરે મહાત્મા ગાંધીની જન્મ જયંતીના દિવસે તાપી જિલ્લાના વ્યારા સુગરના ખેડૂતો શેરડીનાં બાકી લેણાં મુદ્દે વ્યારા જિલ્લા સેવા સદન કચેરી સામે ધરણાં પર બેસી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેડૂતોએ ગત સિઝનની વર્ષ 2025-26 દરમિયાન આપેલી શેરડીનો હપ્તો વ્યારા સુગર દ્વારા ખેડૂતોને આજદિન સુધી ચૂકવવામાં ન આવતાં ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. સુગરના હોદ્દેદારો પર વિશ્વાસ કરી વ્યારા સુગરને બેઠી કરવાનાં આશયથી જિલ્લાનાં ખેડૂતોએ પોતાની શેરડી વ્યારા સુગરને સોંપી હતી અને શેરડી પીલાણ બાદ છ મહિનાથી વધુ સમય વીતવા છતાં હજુ સુધી તેમના બાકી નાણાંની ચૂકવણી ખેડૂતોને થઈ નથી. આ કારણે ખેડૂતો તેમના બાકી રકમ મેળવવા માટે આંદોલન પર ઊતર્યા હતાં. જેમાં ખેડૂતો સવારે 11 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી ધરણાં પર બેસી રહ્યા હતા.

આ બાબતે વહેલી તકે યોગ્ય નિરાકરણ ન આવે તો ખેડૂતોએ આગામી દિવસોમાં અચોક્કસ મુદત માટે ધરણાં કાર્યક્રમ કરવાનું મન બનાવ્યું છે. ખેડૂતોએ સ્પષ્ટ કહ્યું છે કે આ બાબતની સમગ્ર જવાબદારી વ્યારા સુગર તથા તાપી જિલ્લા વહીવટી તંત્રની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના આગેવાનોએ ખેડૂતોને સાથે રાખી વ્યારા સુગર દ્વારા શેરડીનાં બાકી લેણાં માટે કલેક્ટર કચેરી સામે ધરણાં કાર્યક્રમ કરવામાં આવ્યો હતો ત્યારે ભૂતકાળમાં વ્યારા રેફરલ હોસ્પિટલનું ખાનગીકરણ અટકાવવા ભાજપના જ આગેવાનોએ જિલ્લાના લોકોને ગુમરાહ કરવા હોસ્પિટલ મુદ્દે રાજકારણ રમ્યું હતું. અને સમય જતાં વ્યારા રેફરલ હોસ્પિટલનું ખાનગીકરણ પણ થઈ ગયું અને તાજેતરમાં મુખ્યમંત્રીના હસ્તે UNM હોસ્પિટલનું લોકાર્પણ પણ થઈ ગયું! ત્યારે હવે સુગર મુદ્દે પણ ભાજપના નેતાઓ ખરેખર ખેડૂતોને બાકી નાણાં અપાવવામાં ઉપયોગી પુરવાર થશે કે પછી ફક્ત પોતાના રાજકીય રોટલા શેકવા માટે જ વ્યારા સુગર અને ખેડૂતોને હાથો બનાવતા રહેશે તે જોવું રહ્યું!

## રાજપીપળામાં યુવક પર લાકડી વડે હુમલો

રાજપીપળાઃ રાજપીપળા રેલવે સ્ટેશન પાસે રહેતા અજયભાઈ દીપકભાઈ પર ગત તા.૩૦/૯/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૧ વાગ્યે ખાડા ફળિયામાં હુમલો થયો હતો. આરોપી લખનભાઈ કનૈયાલાલ કહારે અજયભાઈની મોટરસાઈકલ પરથી ફેટ પકડી પોતાના ઘર આગળ ખેંચી લીધા હતા. ત્યારબાદ આરોપી માયાબેનને બોલાવી જાતિવિષયક શબ્દો અને ગાળો આપી લાકડી વડે બરડાના ભાગે ત્રણ ફટકા માર્યા હતા. માયાબેને પણ લાકડી માગી અજયભાઈને પગે લાત મારી બરડામાં બે સપાટા માર્યા હતા. બચાવવા વચ્ચે પડેલા હરેશભાઈ ભોઈને પણ પગમાં લાકડી મારી હતી. આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં આ મામલે રાજપીપળા ટાઉન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.


**જાહેર નોટીસ**

આથી અમો એડવોકેટ બી.એ.શેખ ઓફીસ :- જનતા સેવા કોમ્પ્લેક્ષ ગાંધીરોડ બારડોલી તા. બારડોલી જિ. સુરત ના તે અમારા અસીલ શમીમ યુસુફ નોરી, રહે- બારડોલી, તા-બારડોલી, જી-સુરત નાઓની સુચના તથા ફરમાઈશથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવાનુ કે, અમારા અસીલ શમીમ યુસુફ નોરી, રહે- બારડોલી, તા-બારડોલી, જી-સુરતનાઓએ આરીફખાન રસુલખાન પઠાણ, રહે-સ્ટેશન રોડ વ્યારાનાઓ વિરૂદ્ધ જે કોઈ સીવીલ કેસો અને ક્રિમીનલ પરચુરણ અરજી બારડોલી કોર્ટમાં કરેલ છે તેમાં આરીફખાન રસુલખાન પઠાણ તથા તેમના ઘરના સભ્યો વિરૂદ્ધ કરેલ તમામ આક્ષેપો પરત ખેચેલ છે. સદર અમારા અસીલ અને આરીફ ખાન વચ્ચે છુટા છેડા થઈ ગયેલ છે. જેની જાણ સારુ આ જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવીએ છીએ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત - બી.એ.શેખ - એડવોકેટ & નોટરી
જનતા સેવા કોમ્પલેક્ષ એમ.જી. રોડ બારડોલી,તા. બારડોલી.
મો.૯૯૦૪૦ ૫૮૩૦૬



Milano MULTIPLEX
બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm,
01:00pm, 03:00pm,
04:00pm, 06:00pm,
07:00pm, 09:00pm,
09:30pm, 10:00pm

The Paradise - 11:00am
Prem Keetnu - 02:15pm
The Vvaan - 05:15pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333